વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના ૫-નિગમોને સીધા ધિરાણ લોન યોજના અંતર્ગત લોન આપવા અંગેની રૂ.૨૨૪.૦૦ કરોડની નવી બાબતની વહીવટી મંજુરી બાબત. (સને ૨૦૨૬-૨૭)

**ગુજરાત સરકાર**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
**ઠરાવ ક્રમાંક: SJED/AWA/e-file/17/2025/2859/A-1**
સચિવાલય, ગાંધીનગર.
તા.ઇ-સાઇન મુજબ.

**વંચાણે લીધા:**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૦/૦૩/૨૦૨૬નો પત્ર ક્રમાંક:DDCW/0076/03/2026.

**પ્રસ્તાવના:**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, વિચરતી અને વિમુક્ત જાતિ અને લઘુમતી વર્ગના ઈસમોને સરકારના સીધા ધિરાણ ફંડ અંતર્ગત નાના ધંધાઓ, પરિવહન તેમજ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે લોન આપવા વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકનાં પાંચ નિગમો (૧.ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ૨.ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ૩.ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ૪.ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ અને ૫.ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ)ને રાજ્ય સરકારના ફંડમાંથી સીધા ધિરાણ માટે લોન આપવામાં આવે છે. જે માટે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધેલ ક્રમ: (૧) પરના તા.૧૦/૦૩/૨૦૨૬ના પત્રથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સને ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં સમાવિષ્ટ વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના ૫-નિગમોને સીધા ધિરાણ લોન યોજના અંતર્ગત લોન આપવા અંગેની રૂ.૨૨૪.૦૦ કરોડની નવી બાબતની જોગવાઇને ખર્ચ કરવાની વહીવટી મંજુરી અર્થે દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સને ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં સમાવિષ્ટ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, વિચરતી અને વિમુક્ત જાતિ અને લઘુમતી વર્ગના ઈસમોને સરકારના સીધા ધિરાણ ફંડ અંતર્ગત નાના ધંધાઓ, પરિવહન તેમજ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે લોન આપવા વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકનાં પાંચ નિગમો (૧.ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ ૨.ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ ૩.ગુજરાત ગોપાલક વિકાસ નિગમ ૪.ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ અને ૫.ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ) ને રાજ્ય સરકારના ફંડમાંથી સીધા ધિરાણ માટે લોન આપવા અંગેની રૂ.૨૨૪.૦૦ કરોડની નવી બાબતની જોગવાઇને નીચેની શરતોને આધીન નીચે મુજબની નિગમવાર જોગવાઇ મુજબ ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | નિગમનું નામ | જોગવાઈ ( રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૧. | ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમ | ૨૦.૦૦ |
| ૨. | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ | ૫૪.૦૦ |
| ૩. | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | ૧૦૦.૦૦ |
| ૪. | ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ | ૨૦.૦૦ |
| ૫. | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | ૩૦.૦૦ |
| | કુલ | ૨૨૪.૦૦ |

**શરતો:-**

1. **નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ થી નિગમ દ્વારા ચલાવવામાં આવતા સંપૂર્ણ નાણાકીય વહિવટની વિગત લેઝર દ્વારા નિભાવવામાં આવે તે સુનિશ્ચિત કરવાની જવાબદારી નિયામકશ્રી (વિ.જા.ક.)ની રહેશે. આગામી વર્ષના અંદાજપત્રમાં સદરહુ બાબત માટે જોગવાઇ કરાવતા સમયે લેઝર દ્વારા નિભાવવામાં આવેલ અદ્યતન ડેટા રજૂ કરવાનો રહેશે.**
2. નિયામકશ્રી (વિ.જા.ક.)એ ઉક્ત પત્રકમાં દર્શાવેલ નિગમોના હિસાબો વર્ષ-૨૦૨૬-૨૭ સુધીમાં પુર્ણ કરી, અદ્યતન વિગતો પૂફ સિસ્ટમમાં અપલોડ કરાવવા અંગેની કામગીરી નિગમો પાસે સમયમર્યાદામાં કરાવવાની રહેશે.
3. સદરહુ યોજનાની મંંજૂરી સમયે રજૂ કરવામાં આવેલ પરિશિષ્ટમાં દર્શાવેલ સંપૂર્ણ વિગતોનુ ચુસ્તપણે પાલન કરવાની જવાબદારી નિયામકશ્રી (વિ.જા.ક.) ની રહેશે.
4. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી (વિ.જા.ક.)એ રાખવાની રહેશે.
5. ઓનલાઇન અરજીનું કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
6. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં GeM મારફતે ખરીદીની જોગવાઇ કરવાની રહેશે.
7. નિયામકશ્રી (વિ.જા.ક.)એ નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી /DBT Portal /C.M Dash Board અપનાવવાનું રહેશે.
8. નિયામકશ્રી (વિ.જા.ક.)એ યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
9. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
10. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
11. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
12. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
13. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
14. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
15. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

આ ઠરાવ આ વિભાગની સમાનાંકી ફાઇલ પર નાણા વિભાગની તા.૨૮/૦૩/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના:**

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સા.ન્યા અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

Signature Not Verified
Signed by : Kalpanaben V Rana
Under Secretary
Social justice and
Empowerment Department
Date : 2026.04.02 15:51:40 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ.
- મેનજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ.
- મેનજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ.
- મેનજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ.
- મેનજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ.
- સિલેકટ ફાઇલ - ૨૦૨૬.

Signature Not Verified
Signed by : Kalpanaben V Rana
Under Secretary
Social justice and
Empowerment Department
Date : 2026.04.02 15:51:40 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign